ક્ર: અપગ/૧૧૨૦૨૨/૧૮૧૨૪/છ-૧
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:૨૪/૦૨/૨૦૨૨

પ્રતિ,
નિયામકશ્રી,
સમાજ સુરક્ષા ખાતુ,
બ્લોક નં-૧૬,ડો. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર.

વિષય: દિવ્યાંગ બાળકના વાલી/ મા-બાપને રાજ્ય પારિતોષિક આપવા માટેની યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૫ થી ૨૦૨૧ સુધી વર્ષ વાઇઝ એવોર્ડ આપવા બાબત.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વેના આપના તા.૧૦/૦૨/૨૦૨૨ના પત્ર ક્રમાંક: સસુખા/અપગ/૨૧-૨૨/૩૮થી કરેલ દરખાસ્તના અનુસંધાને જણાવવાનું કે, દિવ્યાંગ બાળકના વાલી/ મા-બાપને રાજ્ય પારિતોષિક આપવા માટેની યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૫ થી ૨૦૨૧ સુધી વર્ષ વાઇઝ એવોર્ડ આપવા માટે આપના તા.૧૦/૦૨/૨૦૨૨ના પત્ર સાથે મોકલેલ જાહેરાતના મુસદ્દાને તથા એવોર્ડની કામગીરી માટે થનાર કુલ ખર્ચ રૂ.૨,૮૦,૦૦૦/-ને માન. મંત્રીશ્રી (સા.ન્યા.) દ્વારા મંજૂરી આપવામાં આવેલ છે તથા દિવ્યાંગ બાળકના વાલી/ મા-બાપને રાજ્ય પારિતોષિક આપવા માટેની યોજનાના તા.૨૩/૦૨/૨૦૨૨ના સુધારા ઠરાવની નકલ આ સાથે સામેલ છે. જે ધ્યાને લઇ, દિવ્યાંગ બાળકના વાલી/ મા-બાપને વર્ષ ૨૦૧૫ થી ૨૦૨૧ સુધીના એવોર્ડ એનાયત કરવા બાબતે આગળની કાર્યવાહી સત્વરે કરવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

બિડાણ: ઉપર મુજબ

(પ્રમેશ ગામેતી)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

દિવ્યાંગ બાળકના વાલી/મા-બાપને રાજ્ય પારિતોષિક આપવાની યોજના અંગેના સુધારા ઠરાવ બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:અપગ/૧૧૨૦૨૨/૧૮૧૨૪/છ-૧,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:૨૩/૦૨/૨૦૨૨.

**વંચાણે લીધા:**

(૧) આ વિભાગનો તા.૨૮/૦૮/૨૦૦૯નો ઠરાવ ક્રમાંક: અપગ/૧૦૨૦૦૮/ન.બા.૪(બ)/છ.૧.

(૨) આ વિભાગનો તા.૨૩/૦૮/૨૦૧૦નો ઠરાવ ક્રમાંક: અપગ/૧૦૨૦૦૮/ન.બા.૪(બ)/છ.૧.

(3) The Rights of Persons with Disabilities Act, 2016.

**પ્રસ્તાવના :-**

દિવ્યાંગ બાળકના વાલી/મા-બાપને રાજ્ય પારિતોષિક આપવાની યોજના વંચાણે લીધેલ ક્રમ (૧) આગળના ઠરાવથી શરૂ કરવામાં આવેલ છે. જેમાં ચાર પ્રકારની દિવ્યાંગતા (માનસિક ક્ષતિ, મુકબધિર, અંધ, અસ્થિવિષયક) ધરાવતા બાળકોના વાલી મા-બાપ (કુલ ચાર)ને રૂ.૧૦,૦૦૦/- રોકડ પુરસ્કાર અને પ્રશસ્તિપત્ર આપવાનું ઠરાવેલ છે. દિવ્યાંગ બાળકના વાલી/મા-બાપને રાજ્ય પારિતોષિક આપવાની યોજના માટેના માપદંડ વંચાણે લીધેલ ક્રમ (૨) આગળના ઠરાવથી નક્કી કરવામાં આવેલ જેમાં નીચે મુજબના માપદંડ નક્કી કરવામાં આવેલ.

1) જન્મથી કે પાંચ વર્ષની ઉંમરના સમયગાળામાં બાળક દિવ્યાંગ થયેલ હોય તેવા બાળકના વાલી/મા-બાપ એવોર્ડ મેળવવાની પાત્રતા ધરાવી શકશે.
2) દિવ્યાંગ વ્યક્તિના વાલી/મા-બાપ એવોર્ડ મેળવવાની પાત્રતા ધરાવી શકશે.
3) પોતાના બાળક માટે કે, સમાજના અન્ય બાળકોના વિકાસ માટે વિશિષ્ટ કાર્યમાં જોડાઇ શિક્ષણ, વોકેશનલ ટ્રેનિંગ કે રમતગમતના ક્ષેત્રે કોઇ વિશિષ્ટ યોગદાન આપેલ હોય તેવા વાલી/મા-બાપ એવોર્ડ મેળવવાની પાત્રતા ધરાવી શકશે.
4) બાળકનું સામાજિકરણ શરૂ કરી શિક્ષણ અને તાલીમ આપી સ્વાવલંબન ક્ષેત્રમાં મેળવેલ સિધ્ધિ માટે વાલી/મા-બાપએ આપેલ યોગદાનને પ્રાધાન્ય આપવામાં આવશે.
5) જે બાળકને શિક્ષણ અને તાલીમ આપેલ હોય અને તે બાળકે વિશિષ્ટ પ્રકારની સિધ્ધિ હાંસલ કરેલ હોય અને સમાજમાં રોલ મોડેલ તરીકે ઉભરાઇ આવેલ હોય તેવા બાળકના વાલી/ મા-બાપને પ્રાધાન્ય આપવામાં આવશે અને તેઓ ખાસ પાત્રતા ધરાવશે.

6) આ એવોર્ડ એક કે તેથી વધુ દિવ્યાંગ બાળક હોય તેવા વાલી/મા-બાપને ફક્ત એક જ બાળક માટે પુરસ્કાર મળવાપાત્ર થશે.

7) વાલી દ્વારા દિવ્યાંગતાના લાભાર્થી તેમજ જાગૃતિ માટે કોઇ કાર્ય કર્યું હોય, વાલી મંડળ ચલાવતા હોય અથવા વાલી મંડળની પ્રવૃત્તિમાં સક્રિય હોય તેઓ ખાસ પાત્રતા ધરાવશે.

દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગ, ભારત સરકાર દ્વારા The Rights of Persons with Disabilities Act, 2016માં **૨૧ પ્રકારની દિવ્યાંગતાનો સમાવેશ કરેલ છે. જે ધ્યાને લઇ, દિવ્યાંગ બાળકના વાલી/મા-બાપને રાજ્ય પારિતોષિક આપવાની યોજના માટે વંચાણે લીધેલ ક્રમ (૧) આગળના ઠરાવમાં ચાર પ્રકારની દિવ્યાંગતા (માનસિક ક્ષતિ, મુકબધિર, અંધ, અસ્થિવિષયક) ધરાવતા બાળકોના વાલી મા-બાપને સ્થાને** The Rights of Persons with Disabilities Act, 2016માં માન્ય રાખેલ કુલ ૨૧ પ્રકારની દિવ્યાંગતા પૈકી કોઇ પણ ચાર દિવ્યાંગતાની કેટેગરીના બાળકોના વાલી/મા-બાપને દિવ્યાંગ બાળકના વાલી/મા-બાપને રાજ્ય પારિતોષિક આપવાની યોજના માટે માન્ય રાખવા અંગેનો સુધારો કરવાની બાબત સરકારશ્રીના વિચારણા હેઠળ હતી.

## <u>સુધારા ઠરાવ</u> :-

૧) પુખ્ત વિચારણાના અંતે, વંચાણે લીધેલ ક્રમ(૧) આગળના વિભાગના તા.૨૮/૦૮/૨૦૦૯ના ઠરાવમાં ચાર પ્રકારની દિવ્યાંગતાના પ્રકાર દર્શાવતા પત્રકના સ્થાને "પરિશિષ્ટ અ" માં દર્શાવેલ દિવ્યાંગતાના પ્રકારમાંથી કોઇ પણ દિવ્યાંગતા ધરાવતા દિવ્યાંગ બાળકના વાલી/મા-બાપને "દિવ્યાંગ બાળકના વાલી/મા-બાપને રાજ્ય પારિતોષિક આપવાની યોજના"નો લાભ મળવાપાત્ર થશે.

૨) <u>રાજ્ય પારિતોષિક માટે અરજી ફોર્મ :-</u>

દિવ્યાંગ બાળકના વાલી/મા-બાપને રાજ્ય પારિતોષિક આપવાની યોજના માટે અરજદારે **"પરિશિષ્ટ બ" મુજબના ફોર્મમાં જરૂરી બિડાણ સાથે અરજી મોકલવાની રહેશે.**

વંચાણે લીધેલ ક્રમાંક (૧) આગળના ઠરાવમાં ઉપરોક્ત સુધારા સિવાયની અન્ય જોગવાઇ યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જી.પી.પટેલ)
નાયબ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- *માન.રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

➢ માન.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

➢ અધિક મુખ્ય સચિવશ્રી,(સા.ન્યા.)ના અંગત મદદનીશશ્રી તરફ જાણ સારૂ.

➢ કમિશનરશ્રી, દિવ્યાંગ વ્યક્તિઓ માટેના કમિશનરશ્રીની કચેરી, વિંગ ડી-૧, બ્લોક નં. ૨, કર્મયોગી ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર.

➢ નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં.૧૬, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

➢ સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ (મારફતે:- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં. ૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર)

➢ સિસ્ટમ મેનેજરશ્રી, કો-સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, બ્લોક નં.૫, ૯મો માળ, સચિવાલય, ગાંધીનગર. વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતી સહ.

➢ સિલેકટ ફાઇલ-૨૦૨૧.

*પત્ર દ્વારા

૦૧૧-૧૦૦

## પરિશિષ્ટ-અ

| ક્રમ | દિવ્યાંગતાનો પ્રકાર |
|---|---|
| ૧ | ૧. Physical disability (શારીરિક અશક્તતા)<br>A. Locomotor disability (શારીરિક અશક્તતા)<br>1. leprosy cured person (રક્તપિત્તની સારવાર કરેલ વ્યક્તિ)<br>2. cerebral palsy (સેરેબ્રલ પાલ્સી)<br>3. dwarfism (વામનતા)<br>4. muscular dystrophy (આનુવંશિક કારણોથી થતો સ્નાયુક્ષય)<br>5. acid attack victims (તેજાબ (એસિડ)ના હુમલાના ભોગ બનેલા)<br>B. Visual impairment (દ્રષ્ટિ ક્ષતિ)<br>1. blindness (અંધત્વ)<br>2. low-vision (ઓછી-દ્રષ્ટિશક્તિ)<br>C. Hearing impairment (શ્રવણ-ક્ષતિ)<br>1. deaf (બહેરું)<br>2. hard of hearing (સાંભળવા (શ્રવણ)ની મુશ્કેલી)<br>D. speech and language disability (વાણી અને ભાષાની અશક્તતા) |
| ૨ | ૨. Intellectual disability (બૌદ્ધિક અસમર્થતા)<br>1. specific learning disabilities (ખાસ ક્રિયામૂલક શિક્ષણ)<br>2. autism spectrum disorder (ઓટીઝમ સ્પેક્ટ્રમ ડિસઓર્ડર) |
| ૩ | ૩. Mental behaviour (માનસિક વર્તણૂક)<br>1. mental illness (માનસિક બીમારી) |
| ૪ | ૪. A. chronic neurological conditions (દીર્ઘકાલીન ચેતાકીય (ન્યુરોલોજીકલ) સ્થિતિ)<br>1. multiple sclerosis (બહુવિધ સ્ક્લેરોસિસ (શરીરની પેશીઓ કઠણ થવાની વિકૃતિ))<br>2. parkinson's disease (પાર્કિન્સનનો રોગ)<br>B. Blood disorder (રક્તની અવ્યવસ્થા)<br>1. haemophilia (હીમોફિલિયા)<br>2. thalassemia (થેલેસેમીયા)<br>3. sickle cell disease (સિકલ સેલ (કોષ) રોગ) |
| ૫ | ૫. Multiple Disabilities (બહુવિધ દિવ્યાંગતા)<br>ઉપર નિર્દિષ્ટ કરેલી દિવ્યાંગતા એક કરતા વધારે હોય તેવી. |

## પરિશિષ્ટ-બ

## સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળના નિયામક સમાજ સુરક્ષા ખાતા દ્વારા વાલી/મા-બાપ એવોર્ડ અંગેનો ફોર્મ

ફોટો

| | | |
|---|---|---|
| ૧ | અરજી કરનાર વાલી/માં-બાપનું નામ | |
| ૨ | પુરૂ સરનામું | |
| ૩ | મોબાઈલ નંબર | |
| ૪ | ઈ-મેલ એડ્રેસ (જો હોય તો) | |
| ૫ | અરજદાર વાલી/માં-બાપની જન્મ તારીખ, ઉંમર | |
| ૬ | જાતિ (સ્ત્રી/પુરૂષ) | સ્ત્રી :-<br>પુરૂષ :- |
| ૭ | દિવ્યાંગ બાળકનું નામ જન્મ તારીખ, ઉંમર | |
| ૮ | બાળકની દિવ્યાંગતાનો પ્રકાર અને દિવ્યાંગતાની ટકાવારી (સરકારી હોસ્પીટલ ડોકટરશ્રીનું સર્ટિફિકેટ બિડવું) | |
| ૯ | બાળક જન્મથી કે પાંચ વર્ષની ઉંમરના સમયગાળામાં દિવ્યાંગ થયેલ છે ? | |
| ૧૦ | દિવ્યાંગ બાળક માટે વાલી/મા બાપ દ્વારા કરેલ વિશિષ્ટ કામગીરી કે જેના માટે આ એવોર્ડ મેળવવા અરજી કરવામાં આવે છે. | |

| | | |
|---|---|---|
| ૧૧ | દિવ્યાંગ બાળકના વાલી/મા-બાપે એવી કઇ વિશિષ્ટ બાબતો ઉપર ધ્યાન આપેલ છે કે જેથી તેમના દિવ્યાંગ બાળકનું પુનઃસ્થાપન થયું છે. | |
| ૧૨ | દિવ્યાંગ બાળકના વાલી/મા-બાપના ક્રમ નં.૧૦ અને ૧૧ના પ્રયાસો બાદ હાલ દિવ્યાંગ બાળક ક્યા સ્થાને/સમયે શુ સિધ્ધી પ્રાપ્ત કરી પુનઃસ્થાપિત થયેલ છે. | |
| ૧૩ | વાલી/મા-બાપના પ્રયાસોથી દિવ્યાંગ બાળકે હાલ મેળવેલ સિધ્ધિઓ/પ્રગતિઓ/ડીગ્રી/વ્યવસાય/નોકરી | |
| ૧૪ | છેલ્લા પાચ વર્ષમાં કરેલ કામગીરીની ડોક્યુમેન્ટરી વિગત | |
| ૧૫ | અગાઉ આ યોજના હેઠળ એવોર્ડ મેળવેલ હોય તો તેની વિગત તથા વર્ષ | |
| ૧૬ | અન્ય | |

તારીખ :                                                                 અરજી કરનારની સહી

સ્થળ :